# પત્રક ભાગ-૨

## પંદરમી ગુજરાત વિધાનસભા

**ગુરૂવાર, તા. ૦૮/૦૮/૨૦૨૪**

**૧૪૩. પંદરમી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નો હાથ ધરવા બાબત:-**

પંદરમી ગુજરાત વિધાનસભાનું પાંચમું સત્ર બુધવાર, તા.૨૧/૦૮/૨૦૨૪ થી શુક્રવાર, તા.૨૩/૦૮/૨૦૨૪ એમ ત્રણ દિવસ માટે મળનાર છે. પંદરમી ગુજરાત વિધાનસભાનું પાંચમું સત્ર ટૂંકી મુદતથી બોલવવામાં આવેલ હોઇ સમયના અભાવે તારાંકિત પ્રશ્નોત્તરી રાખવામાં આવેલ નથી પરંતુ નિયમોનુસાર ટૂંકી મુદ્દતના પ્રશ્નોની સૂચનાઓ સ્વીકારવાનું ઠરાવવામાં આવેલ છે.

જે મંત્રીશ્રીને સંબોધીને ટૂંકી મુદ્દતનો પ્રશ્ન પૂછવાનો હોય તેમનો સત્તાવાર હોદ્દો અને જવાબ મેળવવાની ચોક્કસ તારીખ જે સૂચનામાં દર્શાવવામાં નહીં આવી હોય તેવી સૂચના વિચારણામાં લેવાનું શક્ય બનશે નહીં.

**માનનીય અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર NeVA (નેવા)માં ઓનલાઇન માધ્યમથી ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચના સ્વીકારવામાં આવશે.**

માનનીય સભ્યશ્રીઓ પ્રશ્નોની સૂચના મોકલતી વખતે આ બાબતો અંગે કાળજી રાખશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**ઇન્ચાર્જ સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**